**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)**

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૨**

**નોંધ :-** જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

**વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાનું દર્શન' નવી આવૃત્તિના આધારે**

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પ્રલય પ્રક્રિયા
(૧) ☐ મહા પ્રલય (૨) ☐ નિત્ય પ્રલય
(૩) ☐ અવ્યાકૃત (૪) ☐ નિમિત્ત પ્રલય

૨. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે : સાંપ્રદાયિક ગ્રંથોને આધારે
(૧) ☐ સત્સંગ - સાહિત્ય રત્નમાળા (૨) ☐ કાવ્યકુસુમાવલી
(૩) ☐ કાવ્યકુસુમાંજલી (૪) ☐ કીર્તનકુસુમાવલી

૩. જે પરબ્રહ્મને સાકાર સમજે
(૧) ☐ તે જ અક્ષરધામમાં જશે. (૨) ☐ તે ભગવાનના સાધર્મ્યને અને ઐશ્વર્યને પામશે.
(૩) ☐ તેને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ નથી. (૪) ☐ તે હંમેશાં આનંદમાં રહે છે.

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. અક્ષરબ્રહ્મ કેવે કેવે રૂપે સાકાર છે અને વળી કેવે રૂપે નિરાકાર છે ?
૨. વચ. મ. ૩૧ પ્રમાણે બ્રહ્મનો ગુણ જીવને વિશે ક્યારે આવે છે ?
૩. સત્સંગીજીવન ગ્રંથ રચાવીને મહારાજે શેનો સમાવેશ એમાં કર્યો છે ?
૪. જીવનું અન્વયપણું કેવી રીતે છે ?
૫. પાંચ તન્માત્રા કઈ છે ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :-** "બ્રહ્મરૂપ થકો પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન, પુષ્પ, શ્રવણ, મનનાદિકે કરીને કરે." (લોયા - ૭)
**ઉત્તર :-** બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ - ઉપાસના કરવાનો આદેશ

૧. એ સર્વના કર્તા થકા પણ એ નિર્લેપ છે, એમ ભગવાનને જાણે.
૨. "એવા મોટાનાં દર્શન મૂકી, કેમ આવ્યા છો કચ્છમાં ચૂકી."
૩. ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે, એ બેમાં ફેર નથી.
૪. પણ એ જીવ પોતાની ઇચ્છાએ કરીને અથવા કર્મે કરીને કર્મના ફળને ભોગવી શકતો નથી.
૫. શ્રીહરિના અનુપ્રવેશ વગર આ વૈરાજ પુરુષ ઊભા થવા માટે પણ શક્તિમાન નથી.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ :-** અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવા માટે
**ઉત્તર :-** ૧. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ - ઉપાસના કરવાનો આદેશ ૨. અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવાની અનિવાર્યતા ૩. અક્ષરરૂપ થવા અક્ષરબ્રહ્મની અનિવાર્યતા

૧. પરબ્રહ્મને દિવ્ય સમજવાની અનિવાર્યતા ૨. અક્ષરબ્રહ્મ

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** [૧૦]

૧. જીવ : અજ, અજર, અમર (નિત્ય) તત્ત્વ **અથવા**
૨. અક્ષરધામમાં વ્યતિરેક સ્વરૂપે પણ પરબ્રહ્મ સાકાર
૩. પરબ્રહ્મનું સર્વકર્તાહર્તાપણું **અથવા** ૪. બંધનનું સ્વરૂપ

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. સર્વોપરીપણાની નિષ્ઠા માટે શ્રીજીમહારાજનો આગ્રહ ૨. ઈશ્વરનું સ્વરૂપ અને ઈશ્વરનું અન્વય - વ્યતિરેકપણું

**વિભાગ - ૨ : 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે**

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. ભગતજી મહારાજની બ્રાહ્મી સ્થિતિનો સહવાસીને થયેલો અનુભવ ('સોરઠના હરિભક્તોનો સ્વામી પ્રત્યેનો પ્રેમ' થી 'નડિયાદમાં અવતાર અવતારી નિર્ણય' સુધીના જ પ્રસંગો)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૨-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

૨. વિરોધી સાથેના વ્યવહારમાં ઊભરતી ભગતજીની સાધુતા ('ભગતજીને પૂંઠ કેમ દેવાય ?' થી 'માહાત્મ્ય સહિત ભક્તિ ન હોય તો કાંઈ નથી' સુધીના જ પ્રસંગો)

૩. ભગતજી મહારાજનો અન્ય સંપ્રદાયની વ્યક્તિ પર પ્રભાવ ('આચાર્ય મહારાજની મહુવામાં પધરામણી' થી 'વાંસદાને રસ્તે' સુધીના જ પ્રસંગો)

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. ભાદરોડમાં એકાંતનું સુખ

૨. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમ માટે ભગતજી મહારાજની મુમુક્ષુતા ('ગોપાળાનંદ સ્વામીનો વિયોગ' થી 'શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા' સુધીના જ પ્રસંગો)

૩. ભગતજી મહારાજે કરાવેલી શાસ્ત્રીજી મહારાજની ઓળખાણ

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. ધ્યાન છોડીને સાંખ્ય શીખો

૨. ઈડરના રાજાએ બ્રાહ્મણો પરનો વેરો માફ કર્યો.

૩. સારંગપુર : સર્વોપરી ધામ

૪. વર્તમાનકાળે રાજીપો શેમાં છે ?

૫. અહીં જૂનાગઢમાં સત્સંગની જુવાની દેખાય છે.

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. ચુનીલાલભાઈ (નડિયાદ)

૨. ચતુરભાઈ (વસો)

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. આ જીવ શેણે કરીને સોરાઈ જાય છે ?

૨. પ્રથમ તો મહારાજનો રાજીપો શેમાં હતો ?

૩. સ્વામીના મતે શાનો દુકાળ છે ?

૪. અજ્ઞાન છે ત્યાં સુધી શેને વિષે સુખ મનાય છે ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં)** [૬]

૧. સ્વામીએ કલ્યાણભાઈ આગળ સત્સંગના મહિમાની શું વાત કરી ?

૨. કેવી સમજણવાળાને મોહ ન થાય ?

૩. ગોવિંદ સ્વામીનો વૈરાગ્ય કેવો હતો ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં)** [૬]

૧. મહાપ્રભુ સાધુના દૃષ્ટાંતે વિષયનું બંધન

૨. ખાવી વિષ્ટા ને પીવી લઘુશંકા એવા દુઃખને ભોગવે છે.

૩. જળમાં માછલાની ક્રીડાના દૃષ્ટાંતે સત્પુરુષની ક્રિયા

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠ થી દસ લીટીમાં)** [૪]

૧. ગુરુ બીન કૌન બનાવે ઘાટ, બડા વિકટ યમ ઘાટ.

૨. સારંગપુર-૧માં મુક્તાનંદ સ્વામી પૂછે છે 'પંચ વિષયની નિવૃત્તિ કેવી રીતે થાય ?'

૩. પંચાળામાં શ્રીજીમહારાજે કહ્યું, 'સૂર્ય ઉગે છે ને સૌને અજવાળું આપે. હું સહજાનંદરૂપી સૂર્ય કેમ કોઈને બાકી રાખું.'

૪. 'જી રે સંત સમાગમથી ટળે આશા, તૃષ્ણા રે, પ્રગટે રે ઉરમા રે પ્રભનું દૃઢ સુખ સંત સમાગમ કીજીએ.'

❊ ❊ ❊

**સૂચના :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.**

**☞ અગત્યની જાહેરાત તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**